# ભારતની અંતરિક્ષ ક્ષેત્રે અનોખી સિદ્ધિ

## ફ્રેન્ચ ગુયાનાના કોઉરુ ખાતેથી ઇન્સેટ થ્રીડી લોન્ચ : ઇન્સેટ થ્રીડીમાં અતિ આધુનિક કેમેરાઓ

બેંગ્લોર,તા. ૨૬

ભારતના અતિ આધુનિક હવામાન સાથે સંબંધિત ઉપગ્રહ ઈન્સેટ થ્રીડીને ફ્રેન્ચ ગુયાનાના કોઉરુ સ્થિત સ્પેસપોર્ટથી આજે વહેલી સવારે એક યુરોપીયન રોકેટ મારફતે સફળતા પૂર્વક લોંચ કરવામાં આવતા ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ઈસરોમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું. આ ઉપગ્રહ સફળતાપૂર્વક લોંચ કરવામાં આવ્યા બાદ આનાથી હવામાનની આગાહી કરવામાં અને કુદરતી હોનારતના સંબંધમાં ચેતવણી આપતી સેવાઓને વધુ સારી બનાવી શકાશે. આનાથી અતિ આધુનિક માહિતી કોઈપણ કુદરતી હોનારત પહેલા મળી શકશે. ઈન્સેટ થ્રીડીના સફળ લોન્ચીંગની સાથે જ ભારતે ખૂબ ઓછા દેશોની યાદીમાં સ્થાન મેળવી લીધું છે. યુરોપીયન અંતરિક્ષ કન્સોર્ટીયમ (એરિયનસ્પેસ)ના એરિયન ૫ નામના રોકેટથી ઈન્સેટ થ્રીડી અને એલ્ફાસેટ ઉપગ્રહને લોંચ કરવામાં આવ્યા હતા. અલ્ફાસેટ યુરોપના સૌથી મોટા દુરસંચાર ઉપગ્રહ તરીકે છે. આનુ નિર્માણ યુરોપીયન અંતરિક્ષ સંસ્થા અને ઈનમારસેટ વચ્ચે એક મોટા સ્તરે સાર્વજનિક અને ખાનગી ભાગીદારી હેઠળ કરવામાં આવ્યું છે. આ ઉપગ્રહના પરિક્ષણ ઉપર તમામ લોકોની પહેલાથી જ નજર રાખવામાં આવી રહી હતી. ઉપગ્રહ લઈ જનાર વાહને સ્પેસપોર્ટના ઈએલએ-૩ ઉપગ્રહને ભારતીય સમય મુજબ રાત્રે ૧.૨૩ વાગે ઉડાણ ભરી હતી. આ ઉડાંણ આશરે ૩૩ મિનિટ લાંબી હતી. જાણકાર સૂત્રોનું કહેવું છે કે બંને ઉપગ્રહોને સફળતાપૂર્વક તેમની પરિભ્રમણ કક્ષામાં મૂકી દેવામાં આવ્યા છે. અલ્ફાસેટને ફલાઈટ્સ સિક્વન્સમાં પ્રથમ ગોઠવવામાં આવ્યા બાદ ૨૮ મિનિટ પછી ઉડાણ ભરાઈ હતી. પાંચ મિનિટ બાદ જ એરિયન-૫ ઈન્સેટ થ્રીડીને સફળતાપૂર્વક અલગ કરવાનું તેનું મિશન પૂર્ણ કર્યું હતું. ઈન્સેટ થ્રીડીમાં છ ચેનલ ઈમેજર અને ૧૯ ચેનલ સાઉન્ડરની વ્યવસ્થા છે. આ ઉપરાંત બચાવ કામગીરી અને સેટેલાઈટ માધ્યમથી સર્ચ માટે ડેટા રિલે ટ્રાન્સપોન્ડર છે. ઈન્સેટ થ્રીડી ૨૦૬૦ કિલોગ્રામના વજન સાથે રવાના થયું હતું. તેમાં ઈસરો સેટેલાઈટ મિશનને સફળ બનાવે તેવી તમામ સુવિધાઓ રહેલી છે.



ડેટા રિલે ટ્રાન્સપોન્ડર (ડીઆરપી) હવામાન સાથે સંબંધિત અને દરિયા સાથે સંબંધિત આંકડા મેળવી શકશે. ભારતીય હવામાન વિભાગ અને ઈસરોએ ૧૮૦૦ ડેટા રિલે ટ્રાન્સપોન્ડરોનું નિર્માણ કર્યું છે. ઈન્સેટ થ્રીડીમાં સર્ચ એન્ડ રેસ્ક્યુ પેલોડની પણ વ્યવસ્થા છે. આ ઉપરાંત ઉડ્ડયનના સંબંધમાં પણ માહિતી મળશે. સેટેલાઈટ આધારિત સર્ચ એન્ડ રેસ્ક્યુ સર્વિસનો ઉપયોગ ભારતમાં ભારતીય દરિયાકાંઠાના જવાનો, એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ડિરેક્ટોર રેટ જનરલ ઓફ સિપીંગ, ડિફેન્સ સર્વિસ અને માછીમારો દ્વારા કરવામાં આવે છે.

આ ઉપગ્રહને લોંચ કરવામાં આવ્યા બાદ ભારત, બાંગ્લાદેશ, ભુતાન, માલદીવ, શ્રીલંકા, તાન્ઝાનિયા જેવા ઘણા દેશોને પણ મદદ મળશે અને હિંદ મહાસાગરની પ્રવૃત્તિઓ અને એલર્ટના સંબંધમાં આ દેશોને પણ મદદ કરી શકાશે.

## રેલવે લાંચ કાંડમાં નિર્દોષ છે : બંસલનો ફરીથી દાવો

નવી દિલ્હી,તા. ૨૬

રેલવે લાંચ કૌભાંડમાં નિર્દોષ હોવાનો દાવો કરીને ભૂતપૂર્વ કેન્દ્રિય રેલવે પ્રધાન પવનકુમાર બંસલે આજે કહ્યુ હતુ કે તેઓ રેલવેના બ્યુરોક્રેસી અને વિરોધપક્ષ દ્વારા ઘડી કાઢવામાં આવેલા કાવતરાનો શિકાર થઈ ગયા છે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં બંસલે કહ્યુ હતુ કે તેમના પરિવારના સભ્યો અથવા તો તેમને આ મામલા સાથે કોઈ લેવા દેવા નથી. બંસલે એમ પણ કહ્યુ હતુ કે વિરોધ પક્ષને રેલવેના અધિકારીઓ દ્વારા ખતરનાક કાવતરુ ઘડી કાઢવામાં આવ્યુ હતુ. રેલવેની નિમણૂંક માટેની પ્રક્રિયામાં ઘણી બધી ખામીઓ તેઓએ શોધી કાઢી હતી અને સુધારવાના પગલા લીધા હતા. પોતાનો બચાવ કરતા ચંદીગઢના કોંગ્રેસના સાંસદે કહ્યુ હતુ કે તેઓ ૧૦૫ કંપનીઓ સાથે સંબંધ ધરાવતા હતા. જ્યારે તેમનું નામ સપાટી પર આવ્યુ ત્યારે તમામને આશ્ચર્ય થયુ હતુ. લોકો પણ આ બાબતનો વિશ્વાસ કરી રહ્યા નથી. વ્યાપક મુલાકાતમાં બંસલે કહ્યુ હતુ કે રેલવેમાં સિનિયલ લેવલની નિમણૂંક સાથે સંબંધિત પ્રક્રિયામાં ઘણી બધી ખામીઓ પહેલા પણ આવી ચુકી છે. હાલમાં જ રેલવે લાંચ કાંડમાં તેમના ભત્રીજા વિજય સિંઘલા જંગી રોકડ રકમ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. સીબીઆઈએ આ લાંચ કેસમાંપ્રોસિક્યુશન સાક્ષી તરીકે બંસલના નામનો ઉલ્લેખ કર્યો હતો.

## આંધ્રમાં ખાનગી મેડિકલ કોલેજો પર વ્યાપક દરોડા

હૈદરાબાદ-વિશાખાપટ્ટનમ,તા. ૨૬

આવકવેરા વિભાગના અધિકારીઓએ આજે જુદા જુદા ગંભીર પ્રકારના આક્ષેપો થયા બાદ આંધ્રપ્રદેશમાં ખાનગી એન્જિનિયરીંગ અને મેડિકલ કોલેજ પર દરોડા પાડ્યા હતા. આ દરોડાના કારણે દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ૪૫ લાખથી ૧.૨ કરોડ વચ્ચેની કિંમતમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠકોને વેચવામાં આવી રહી છે તેવો આક્ષેપ થયા બાદ આવકવેરા વિભાગના અધિકારીઓએ આ દરોડા પાડ્યા હતા. વિભાગના સૂત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે કરોડો રૂપિયાની રકમ એક દિવસ સુધી ચાલેલી કામગીરી દરમિયાન આ સંસ્થાઓમાંથી કબજે કરવામાં આવી છે. આજે પ્રથમદિવસે આઈટીની ચકાસણી હેઠળ આવી ગયેલી કોલેજોમાં જીએસએલ મેડિકલ કોલેજનો પણ સમાવેશ થાય છે. ઓપરેશનના અંત સુધી એકત્રિત કરવામાં આવેલી રકમ હજારો કરોડમાં પહોંચે તેવી શક્યતા છે. એવા સંકેત મળી રહયા છે કે જુદી જુદી જગ્યાઓએ દરોડ પાડવામાં આવી રહ્યા છે. કોલેજના પ્રાંગણો ઉપરાંત આઈટીના અધિકારીઓએ આ સંસ્થા સાથે સંકળાયેલા કેટલાક વરિષ્ઠ અધિકારીઓના આવાસ પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સવારે સાત વાગ્યે ઓપરેશનની પ્રક્રિયા શરૂ થઈ હતી જે મોડી સાંજ સુધી ચાલુ રહી હતી. હૈદરાબાદમાં મેડિકલ કોલેજના ચેરમેનના આવાસ પરથી ૧૦ કરોડની રકમ જપ્ત કરવામાં આવી હતી. ઓશિયન વ્યૂહ ખાતે એનઆરઆઈ ઈન્સ્ટિટ્યુટ મેનેજમેન્ટના સભ્યો પૈકીના એકના આવાસ પર પણ તપાસ હાથ ધરાઈ હતી. સંપર્ક કરવામાં આવતા ટેક્સના અધિકારીઓએ કહ્યુ હતુ કે જંગી રકમ એકત્રિત કરવાના અહેવાલ મળ્યા બાદ રાજ્યવ્યાપી ઓપરેશન હાથ ધરાયુ હતુ. એમબીબીએસ, પીજી મેડિકલ, એન્જિનિયરીંગની બેઠકો માટે એકત્રિત કરવામાં આવેલી ફી અંગે માહિતી મળ્યા બાદ આ દરોડાની પ્રક્રિયા શરૂ કરાઈ હતી. ખાનગી મેડિકલ કોલેજો સામાન્યરીતે નોંધવામાં આવેલા ટ્રસ્ટની માલિકીની છે અને ૧૦૦ટકા ટેક્સ મુક્તિ ધરાવે છે.

## એર ઈન્ડિયાના ડ્રીમ લાઈનરમાં ફરી આગની ઘટનાથી ચકચાર

બોઈગના ડ્રીમ લાઈનરને લઈને થોડાક દિવસ પહેલા ભારે હોબાળો મચી ગયો હતો અને તેની સેવા થોડાક સમય સુધી બંધ રાખવામાં આવી હતી. બોઈંગ ૭૮૭ની વૈશ્વિક સેવા થોડાક સમય સુધી બંધ રાખવામાં આવ્યા બાદ હાલમાં જ તેની સેવા શરૂ થઈ હતી. હવે એર ઈન્ડિયા ડ્રીમ લાઈનરમાં આગ ફાટી નીકળી હોવાનું જાણવા મળ્યું છે. એર ક્રાફ્ટના રિયર ઓવેનમાં આ આગ ફાટી નીકળી હતી. જો કે અન્યત્ર આગ ન ફેલાતા મોટી હોનારત ટળી ગઈ હતી. આગને કાબૂમાં લેનાર લિક્વીડનો ઉપયોગ કરીને તેના ઉપર અંકુશ મુકવામાં આવ્યો હતો. ડ્રીમ લાઈનરની સેવા ચાર મહિના સુધી બંધ રાખવામાં આવ્યા બાદ હાલમાં જ ફરી શરૂ કરાઈ હતી. જો કે એર ઈન્ડિયાએ ઓવેનમાં આગ લાગી હોવાના અહેવાલને રદિયો આપ્યો છે. બીજીબાજુ પાઈલોટે તરત જ એર ક્લાફ્ટ વીટી-એએનએલ માટે ફલાઈટ શેફ્ટી રિપોર્ટ રજૂ કર્યો હતો. એર ઈન્ડિયા દ્વારા બોઈંગને આ અંગે જાણ કરવામાં આવી ચૂકી છે. સૂત્રોનું કહેવું છે કે ઓવનમાં આગ લાગવાની બાબત કોઈ સામાન્ય બાબત નથી. ઓવર હિટીંગ બેટરીના મામલે જાન્યુઆરીમાં આ વિમાનની સેવા ચાર મહિના સુધી રોકી દેવામાં આવી હતી. એક સપ્તાહમાં જ ડ્રીમ લાઈનરની અંદર આ બીજી સમસ્યા ઊભી થઈ છે.

## કારગીલ યુદ્ધની ૧૪મી વર્ષીના પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા

નવી દિલ્હી,તા. ૨૬

કારગીલ યુદ્ધની ૧૪મી વર્ષીના પ્રસંગે આજે દેશે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. કારગીલ યુદ્ધમાં ભારતની શાનદાર જીતને દેશના લોકો કારગીલ વિજય દિવસ તરીકે મનાવે છે. આજે કારગીલ વિજય દિવસના પ્રસંગે દેશે શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમના સાહસની પ્રશંસા કરી હતી. કારગીલ યુદ્ધની ૧૪મી વરસીના દિવસે આજે સવારે સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની, સૈના, નોકા સેના અને એરફોર્સના વડાઓએ અમર જવાન જ્યોતિ ખાતે જઈને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. કેન્ડલ લાઈટ મારફતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના દ્રાસ સેક્ટરમાં કારગીલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ શહીદ જવાનોને મીણબત્તી સરગાવીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને દેશના જવાનોને યાદ કરવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૯૯માં ભારત અને પાકિસ્તાન વચ્ચે કારગીલમાં યુદ્ધ ભડકી ઉઠ્યું હતું જે દરમિયાન મોટી સંખ્યામાં ભારતીય જવાનોએ પ્રાણોની



આહુતી આપી હતી પરંતુ પાકિસ્તાની સૈનિકો અને આતંકવાદીઓને ખદેડી મૂક્યા હતા અને શાનદાર જીત મેળવી હતી. આજે દેશભરમાં કારગીલ વિજય દિવસના પ્રસંગે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જમ્મુ કાશ્મીરના કારગીલ અને દ્રાસમાં મુખ્ય કાર્યક્રમો યોજાયા હતા. અહીં ભારતીય જવાનો દ્વારા દર્શાવવામાં આવેલા સાહસની રજૂઆત થઈ હતી. માત્ર ભૂમિના રક્ષણ માટે પ્રાણોની આહુતિ આપનારને યાદ કરવામાં આવ્યા હતા. કારગીલ યુદ્ધ બે મહિના સુધી ચાલ્યું હતું. આખરે પાકિસ્તાની સૈનિકોએ તેની હાર થતાં પહાડી ક્ષેત્રોમાં પીછેહટ કરી હતી અને ભારતીય સૈનાએ ફરી એકવાર તિરંગો જજ લહેરાવ્યો હતો. પાકિસ્તાની સૈના સાથેની લડાઈમાં ભારતે આશરે ૫૦૦ અધિકારીઓ, જવાનો ગુમાવ્યા હતા. કારગીલ યુદ્ધમાં અભૂતપૂર્વ સાહસનો પરિચય આપવા અને આતંકવાદીઓને અને પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારવા બદલ મર્ણોપરાંત સાહસી શૌર્યચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ૧૨માં ભોજન અંગે નિવેદનને રાજ બબ્બરે વિવાદ બાદ ખેંચ્યુ

નવી દિલ્હી,તા. ૨૬

સસ્તા ભોજનને લઈને કરવામાં આવેલા નિવેદન બાદ કોંગ્રેસના વરિષ્ઠનેતા અને પ્રવક્તા રાજ બબ્બરે આજે માફી માંગી લીધી હતી અને પોતાના નિવેદન પાછા ખેંચ્યા હતા. ૧૨ રૂપિયામાં ભોજન કરી શકાય છે તેવા તેમના સૂચનથી દેશભરમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ હતુ. આખરે રાજ બબ્બરે માફી માંગી લીધી છે. રાજ બબ્બરે પોતાના શબ્દો પરત ખેંચતા કહ્યુ હતુ કે તેઓ માત્ર ગરીબી રેખાથી નીચેના લોકોની વાત કરી રહ્યા હતા. ગઈકાલે મુંબઈમાં ૧૨ રૂપિયામાં ભોજનની વાત કરીને રાજ બબ્બરે ચર્ચા જગાવી હતી. આજે રાજ બબ્બરે માફી માંગી હતી. બીજી બાજુ કોંગ્રેસે આ પ્રકારના સૂચનોથી પોતાને દૂર કરી લીધા છે. પ્રવક્તા અજય માકને કહ્યુ છે કે પક્ષના નેતાઓ પાંચ રૂપિયા અથવા ૧૨ રૂપિયાના ભોજનની વાત કરી રહ્ય છે પરંતુ આ મત તેમનો પોતાનો છે. પક્ષનો અભિપ્રાય નથી. રાજ બબ્બરે બુધવારે મુંબઈમાં દરરોજ ૧૨ રૂપિયામાં ભોજન પેટ ભરીને કરી શકાય છે તેવી વાત કરી હતી. કોંગ્રેસના અન્ય નેતાઓએ પણ આ પ્રકારના નિવેદનો કર્યા હતા. મોડેથી કોંગ્રેસના સાંસદ રશીદ મસૂદે પણ કહ્યુ હતુ કે દિલ્હીના જામા મસ્જિદ વિસ્તારમાં પાંચ રૂપિયામાં પણ ભોજન કરી શકાય છે. સસ્તા ભોજનને લઈને હાલમાં હોબાળો મચી ગયો છે. દેશના ગરીબ લોકોના સંબંધમાં આયોજન પંચ દ્વારા હાલમાં જ આંકડા જારી કરવામાં આવ્યા બાદ ગરીબને લઈને ચર્ચા શરૂ થઈ છે. આયોજન પંચના આંકડામાં જણાવવામાં આવ્યુ હતુ કે દેશના જુદા જુદા ભાગોમાં ગરીબ લોકોની સંખ્યામાં ઘટાડો થયો છે. આમાં એમ પણ જણાવવામાં આવ્યુ હતુ કે ગ્રામીણ વિસ્તારોમાં ૨૭ રૂપિયા અનો શહેરી વિસ્તારોમાં ૩૩ રૂપિયા દરરોજનો ખર્ચ કરનાર વ્યક્તિ ગરીબ નથી. કોંગ્રેસ અને ભાજપના નેતાઓ વચ્ચે હાલમાં જુદા જુદા વિવાદોને લઈને આક્ષેપબાજી ચાલી રહી છે ત્યારે કોંગ્રેસના નેતાઓ દ્વારા સસ્તામાં ભોજનના મુદ્દે નિવદેન કરીને પક્ષના નેતાઓને મુશ્કેલીમાં મુકી દીધા છે.

## જમ્મુ કાશ્મીરમાં સતત ત્રીજા દિને કરફ્યુ જારી

જમ્મુ,તા. ૨૬

જમ્મુ કાશ્મીરમાં બડગામ જિલ્લાના બે ડઝનથી વધુ ગામોમાંઆજે સતત ત્રીજાદિવસે પણ સંચારબંધી યથાવતરીતે જારી રહી હતી. પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે પરંતુ તંગ બનેલી છે. બડગામ જિલ્લામાં સાંપ્રદાયિક હિંસામાં બે ડઝનથી વધુ મકાનો નાસ પામ્યા હતા. ઘણા લોકોને ઈજા પણ થઈ હતી. સિયા અને સુન્ની સમુદાયના લોકો એક બીજાની સામે મેદાનમાંઆવી ગયા હતા. સેના અને રાષ્ટ્રીય રાયફલના જવાનોની ટુકડી ગોઠવાઈ ચુકી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સીઆરપીએફ અને પોલીસની વધુ ટુકડીઓ પણ ગોઠવવામાં આવી ચુકી છે.

## સેન્સેક્સ ૫૭ પોઈન્ટ ઘટી ૧૯૭૪૮ની સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૬

શેરબજારમાં આજે સતત ત્રીજા દિવસે મંદી રહી હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૫૭ પોઈન્ટ ઘટીને ૧૯૭૪૮ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૧ પોઈન્ટ ઘટીને ૫૮૮૬ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બન્નેએ ક્રમશ ૨૦૦૦૦ અને ૬૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. એચયુએલ અને તાતા મોટર્સના શેરમાં વેચવાલી જામી હતી.

આગામી સપ્તાહમાં આરબીઆઈની ક્રેડિટ પોલીસીની સમીક્ષા જારી કરવામાં આવનાર છે. રેટલક્ષી શેરમાં કારોબારીઓ હતાશ દેખાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સેન્સેક્સે છેલ્લા બે દિવસમાં ૪૯૮ પોઈન્ટ ગુમાવ્યા હતા. ૧૧મી જુલાઈ બાદથી સેન્સેક્સ સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. બ્રોકરોનું કહેવું છે કે ૩૦મી જુલાઈના દિવસે આરબીઆઈ તેની ક્રેડિટ પોલીસી જાહેર કરે તે પહેલા રોકાણકારો હવે સાવધાનીપૂર્વકનું વલણ રાખશે. નિફ્ટીએ ૫૯૦૦ની મહત્વની સપાટી ગુમાવી દીધી હતી. આજે એસબીઆઈમાં સૌથી મોટો ઘટાડો ૧.૯૩ ટકાનો થયો હતો. હિન્દુસ્તાન યુનિલિવરમાં૩.૩૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. અન્ય જે શેરમાં મોટો ઘટાડો નોંધાયો હતો તેમાં હિન્ડાલ્કો, તાતા મોટર્સ, ટીસીએસનો સમાવેશ થાય છે. આ તમામમાં ક્રમશઃ ૭.૫૯, ૩.૩૪ અને ૧.૧૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. મેટલ સેક્ટર ઈન્ડેક્સમાં ૩.૫૨ ટકા, રિયાલિટી સેક્ટરમાં ૧.૫૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જાહેર ક્ષેત્રના સેક્ટરલ ઈન્ડેક્સમાં ૧.૫૦ ટકાનો અને બેંકિંગ ઈન્ડેક્સમાં ૧.૪૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

## સમાચાર ઝલક

- કન્યાઓનાં લગ્ન કેટલી ઉંમરે થાય તે માટે સુપ્રીમકોર્ટે હાથ ઊંચા કર્યા.
- ધોલેરા સ્માર્ટ સિટીને નરેન્દ્ર મોદીની લીલીઝંડી.
- રાજયના ખોરાક નિયમન તંત્રને ઇ-ઇન્ડિયા ૨૦૧૩ એવોર્ડ એનાયત.
- પુર્વોત્તરમાં આસામ-અરૂણાચલને જોડતો ૪.૪૮ કિલોમીટર લાંબો પુલ.
- કચ્છમાં પાકિસ્તાનની હિચલાલથી તંત્ર સચેત.
- ગુજરાતમાં જન્મતા ૧ વર્ષના ૧૨,૩૨૫ બાળકોનાં મૃત્યુ.
- સલમાન જેલમાં જાય તો બોલીવુડને ૨,૦૦૦ કરોડનું નુકશાન.
- ઇશરત જહા મામલો - મહત્ત્વનાં દસ્તાવેજો ગુમ થયાની રજૂઆત, કોર્ટની તાકીદ.
- ઓછું વજન ધરાવતી મહિલાઓ ડાયાબીટીસ, હૃદયની બીમારી, બ્લડપ્રેશરને આમંત્રણ આપે છે.
- કઠોળના વિક્રમી ઉત્પાદનથી આયાત ઘટશે.
- નોકરી આપવાનાં બહાને સનસાઇન એરોકેમ કંપનીએ અનેક લોકોને ખંખેરી લીધા.
- પથરીના ઇલાજમાં ગૌમૂત્ર આશીર્વાદ રૂપ છે.
- ખાદ્યચીજોનાં ભાવ ઘટવાની શક્યતા નહિવત, ફુગાવો પણ નહિ ઘટે, નિષ્ણાંતોનો મત.
- સાણંદ પ્લાન્ટમાં ફોર્ડ વૈશ્વિક કારોનું ઉત્પાદન કરશે.
- રૂપિયો નબળો પડતાં વિદેશ જતાં પ્રવાસીઓની સંખ્યા ઘટી.
- જામવાડી સહિત અનેક ગામોમાં ૧૦ થી ૧૫ ઇંચ વરસાદ.
- વડાપ્રધાન મનમોહનસિંહની તાબિયત અસ્વસ્થ.
- અમરનાથના દર્શન કરનારની સંખ્યા વધીને ૩.૧૨ લાખ થઇ.
- લોર્ડસ મેદાન પર સવાસો વર્ષ જૂનો રેકોર્ડ તોડતો હેરિસ.
- ચોમાસામાં શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઘટી જાય છે.
- કેન્દ્ર સરકારની કંપનીઓમાં ૩,૦૦૦૦ કર્મચારીઓની ભરતી થશે.
- અભિનેત્રી રાની મુખરજી ફિલ્મ નિર્માતા આદિત્ય ચોપડા સાથે લગ્ન કરે તેવી શક્યતા.
- આજે ૧૨ ફિલ્મો રીલીઝ થઇ!
- બોટાદમાં દેરાણી-જેઠાણી પર વીજળી પડી, ગંભીર હાલત.
- પૂર્વ ચીફ જસ્ટીસના ચુકાદાને ઝાટકતા સુપ્રીમના મુખ્ય ન્યાયમૂર્તિ.

## આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

આંદામાન જિલ્લાનાં ટાપુઓ સમુદ્રની ખાડી અને નાના નાના ક્રીક્સને લીધે અલગ અલગ બનેલા છે. જયારે નિકોબાર જિલ્લાના ટાપુઓનો વિસ્તાર ખુલ્લા સમુદ્રમાં ફેલાયેલો છે. નોર્થ અને મિડલ આંદામાન વિસ્તાર આસ્ટિન ક્રીક પર બનેલાં ચેંગપ્પા પુલથી જોડાયેલા છે. આ બધામાં માત્ર ૩૭ ટાપુઓ પર જ માનવ વસવાસ છે.

'આ ટાપુઓની નજીકમાં બીજા ઘણા દેશો હશે ખરૂં ને?' મેં વધુ જાણકારી પ્રાપ્ત કરવા એક નવો જ પ્રશ્ન પુછ્યો.

'જી, તમારી વાત સાચી છે. અહીં ગ્રેટ નિકોબારથી સુમાત્રા ટાપુઓ ફક્ત ૧૩૭ કિ.મી. દૂર છે. જયારે ઉત્તર આંદામાનથી બર્મા, થાઈલેન્ડ અને બંગલાદેશ નજીકમાં જ છે. આ બધ ટાપુઓ હજારો વર્ષથી સુરક્ષિત વનસપંદાથી ભરપૂર છે. અહીં પ્રકૃતિએ વરદાન આપ્યું હોય તેમ વૃક્ષો અને છોડવાઓથી ગીચ એવાં વનો જોવા મળે છે. ચેરના ઝુંડોની વનસંપદા થી ક્રીક્સ પર મખમલી હરિયાળી ચાદર બિછાવી હોય તેવાં દશ્યો સર્જે છે. આ ટાપુઓનો એ ખજાનો છે. આ ટાપુઓ પર વાતાવરણની ઘણી વિભિન્નતા જોવા મળે છે. મે મહિનાથી લઈનો ઓકટોબર સુધી અહીં બહુ જ વરસાદ પડે છે. ઘણી વખત ભારે વરસાદ પણ થાય છે. અહીં દર વર્ષેનો સરેરાશ વરસાદ લગભગ ૩૧૮૦ મી.મી. જેટલો છે. તેથી આ ટાપુઓ પરનાં વનોમાં અનેક બહુ મૂલ્ય વનસ્પતિઓ થાય છે. જે આયુર્વેદિક દવા માટે ઉપયોગી છે. તે માટેનું સંશોધન પણ ચાલી રહ્યું છે.'

'શક્તિ તારી પાસે તો આ વિસ્તારની સારી એવી જાણકારી હોય તેમ લાગે છે. કેટલા વર્ષની અહીં રહે છે?'

'સાહેબ, મારો જન્મ જ આ ટાપુઓ પર થયો છે. મારો એક ભાઇ નેવીમાં ઓફિસર છે. ૨૦૦૪માં જયારે સુનામી આવી તેમાં તે મારા મા-બાપને ગુમાવી દેતાં મારો અભ્યાસ અધુરો જ રહી ગયો.' ૨૬મી ડિસેમ્બરની એ ગોઝારી રાતને હું કયારેય ભુલી નહીં શકું.' કહેતાં તેની આંખમાં આંસુ આવી ગયા.

'તમે શું બધું અત્યારે જ પુછી લેશો. આપણે બધું જોવા જવાના જ છીએ ને' કહેતાં મીનાએ શક્તિ તરફ હમદર્દી બતાવતાં અમારી વાતને વિરામ આપવાની ફરજ પાડી. શક્તિ આંખો લૂંઠી ફરી સ્વસ્થ થઇ અમારી તરફ જોતાં તેની અંદર પડેલા દર્દને અમે મહેસૂસ કર્યું. હું કંઇ કહેવા જાઉં તે પહેલાં અમારી ગાડી હોટલનાં પ્રાંગણમાં ઊભી રહેતાં શક્તિ ઝડપથી નીચે ઊતરી ગયો.

'મેગ પાઇ રેસીડેન્સી' સ્વચ્છ સુંદર અને નૈસર્ગિક વાતાવરણમાં ભળી જતી મનમોહક હોટલ હતી. સામે રસ્તો હતો તેની પેલી તરફ એક લાંબી સફેદ દિવાલ દેખાતી હતી. તેના ઉપરનાં ભાગે વાદળી રંગનો પટ્ટો લગાવેલો હતો. અમે નીચે ઊતર્યા અને સામાન રૂમોમાં મુકાતો ગયો. તે દરમિયાન મને શક્તિએ કહ્યું કે સામે નેવીના ઉપયોગ માટે બનાવાયેલ હવાઇ પટ્ટી છે. તેની પાછળ ટેકરીઓ દેખાતી હતી. ટેકરીઓ પર હરિયાળી છવાયેલી હતી. દશ્ય બહું જ સુંદર લાગતું હતું.

આ હોટલના ઉપરનાં માળે અમારી સાથે જેન્તીભાઇ અને તેમનું કુટુંબ રોકાયું હતું. જેન્તીભાઇ હસમુખા અને મળતાવડા સ્વભાવના માણસ છે. તે પ્રવાસ દરમિયાન મેં અનુભવ્યું હતું. વળી તે ગમે ત્યારે ગમે તે સંજોગોમાં ગમે તેને મદદરૂપ થવા તત્પર હોય છે તે જાણે કે તેમના સ્વભાવમાં હોય તેવું લાગ્યું. તેના રમુજી સ્વભાવને કારણે મિત્રો મજાકમાં તેમને જેન્તી જોખમ કહે તો તેનું તેમને ખોટું લાગતું ન હતું. જેન્તીભાઇ અને તેમના પત્ની સાથે એક દીકરી અને મોટા ભાઇની દીકરી તથા જમાઇ પણ સાથે આવ્યા હતા. તેથી જમાઇરાજને ઊણું ન આવી જાય તેનું જેન્તીભાઇ ખાસ ધ્યાન રાખતા હતા. અહીં અમારી સાથે દિલીપ સિંગ એ મીનાબેન પણ હતા. પદમાબેન અને બીજા બે ફેમીલી પણ ગ્રાઉન્ડ ફલોર પર રૂમોમાં એડજેસ્ટ થયા હતા. તે બધાનો પરિચય હજુ અમને થયો ન હતો.

જતાં જતાં શક્તિએ મને કહ્યું કે આપ ફ્રેશ થઇ જાવ થોડીવારમાં ગાડી મોકલું છું. સાંજે સેલ્યુલર જેલ ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો જોવા જવાનું છે.

(ક્રમશઃ)